

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ અંક : ૧૦ * * * સંવત ૨૦૮૨ કારતક સુદ સાતમ, સોમવાર ૧૬ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૯૦

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

ચીની વિમાન ભારતીય હવાઈ સીમામાં ઘૂસ્યાના અહેવાલ

અમેરિકી એરપોર્ટ પર પેસેન્જર અને કાર્ગો વિમાન અથડાતાં બેને ઇજા



મિયામી એરપોર્ટ પર બોઇંગ 737 વિમાનની પાંખનો છેડો યુપીએસના બોઇંગ 767 વિમાનના આગળના ભાગ સાથે અથડાયો

મિયામી, તા. 15 (PTI) : અમેરિકાના મિયામી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ટાર્મેક (રનવે પર ચાલતી વખતે) પર કોપા એરલાઇન્સનું પેસેન્જર વિમાન યુપીએસ કાર્ગો વિમાન સાથે અથડાતાં બે લોકો ઘાયલ થયા હોવાનું એક મીડિયા અહેવાલમાં જણાવાયું છે.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (એફએએ) ને ટાંકીને સીએનએનના અહેવાલમાં જણાવાયું છે કે, આ ઘટના શનિવારે રાત્રે આશરે 9:15 વાગ્યે બની હતી, જ્યારે કોપા એરલાઇન્સના બોઇંગ 737 વિમાનની પાંખનો છેડો યુપીએસના બોઇંગ 767 વિમાનના આગળના ભાગ સાથે અથડાયો હતો.

એફએએએ જણાવ્યું હતું કે, એર ટ્રાફિક કંટ્રોલર્સે યુપીએસના ક્રૂને કોપા વિમાનને રસ્તો આપવા માટે સૂચના આપી હતી અને તેઓ આ ટક્કરની તપાસ કરી રહ્યા છે.

...અનુસંધાન પાના 2 પર

12 નવેમ્બરે એક ચીની લશ્કરી વિમાન સિક્કિમના આકાશ પર ઉડતું દેખાયું

હવાઇ દળે પરત ફરવા માટે વારંવાર ચેતવણી આપ્યા છતા વિમાને ઉડ્ડયન ચાલુ રાખ્યું

એક અગ્રણી અખબાર દ્વારા અપાયેલા અહેવાલ અંગે હવાઇ દળ અને સરકારનું મૌન

નવી દિલ્હી, તા. 15: ૧૨ નવેમ્બરના રોજ સિક્કિમ ઉપર ભારતીય હવાઈ ક્ષેત્રમાં એક ચીની સૈન્ય વિમાન કથિત રીતે ઘૂસી આવ્યું હતું, જેના પગલે ભારતીય વાયુસેનાએ વળતી કાર્યવાહી કરી હતી અને તેને ચીની સરહદમાં પરત ફરવા માટે કથિત રીતે અનેક ચેતવણીઓ જારી કરી હતી.

૧૪ નવેમ્બરના રોજ 'આઉટલુક ઈન્ડિયા' દ્વારા પ્રકાશિત એક અહેવાલ મુજબ, આ વિમાન લગભગ ૨૦-૨૫ મિનિટ સુધી આ વિસ્તારમાં રહ્યું હતું. અહેવાલમાં એક અનામી સ્ત્રોતને ટાંકીને કહેવામાં આવ્યું છે કે વાયુસેનાએ સવારે લગભગ ૮ વાગ્યે તેને લગભગ ૨૫,૦૦૦ ફૂટની ઊંચાઈ પર ઉડતું શોધી કાઢ્યું હતું. વારંવાર રેડિયો ચેતવણીઓ આપવા છતાં, વિમાને કથિત રીતે આ વિસ્તારમાં ઉડાન ચાલુ રાખી હતી. તેણે કયો ચોક્કસ માર્ગ અપનાવ્યો હતો, તેની પ્રવૃત્તિનો પ્રકાર શું હતો અને તે કયા સંજોગોમાં આ વિસ્તાર છોડીને ગયું તે જાહેર કરવામાં આવ્યું નથી. તે કયા પ્રકારનું વિમાન હતું તે પણ હજુ સુધી જાણી શકાયું નથી.

ભારત-ચીન સરહદ નજીક સિક્કિમના વ્યૂહાત્મક સ્થાન અને ડોકલામ ઉચ્ચપ્રદેશની નિકટતાને કારણે આ કથિત ઘટનાએ ધ્યાન ખેંચ્યું છે. સામાન્ય રીતે 'ચિકન્સ નેક' તરીકે ઓળખાતો આ કોરિડોર તેના સૌથી સાંકડા બિંદુએ લગભગ ૨૦-૨૨ કિમી પહોળો છે. તે ભારતની સૈન્ય હિલચાલ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કથિત હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘનની વિગતો અત્યાર સુધી માત્ર 'આઉટલુક ઈન્ડિયા'ના અહેવાલમાંથી જ સામે આવી છે. ૧૫ નવેમ્બર સુધીમાં, ન તો ભારતીય વાયુસેનાએ કે ન તો સંરક્ષણ મંત્રાલયે આ ઘટનાની પુષ્ટિ કરતું કોઈ જાહેર વિગતવાર નિવેદન બહાર પાડ્યું છે. આ કથિત ઘૂસણખોરી પર રાજકીય પ્રતિક્રિયા પણ સામે આવી છે, જેમાં કોંગ્રેસે આ અહેવાલને 'અત્યંત ચિંતાજનક' ગણાવ્યો છે.

વિરોધ પક્ષે ચીન સામે સખત વિરોધ નોંધાવવાની માંગ કરી છે અને સરકારની પ્રતિક્રિયા પર સવાલ ઉઠાવ્યા છે. પક્ષે એમ પણ કહ્યું કે તેમને આશા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કથિત ઘટના અંગે ચીનને 'ક્લીન ચિટ' નહીં આપે.

દિલ્હીથી બિહાર સુધી સૂર્યને અર્ઘ્ય આપવામાં શ્રદ્ધા, પરંપરા અને ભક્તિનો સંગમ



■ છઠ પૂજાના ત્રીજા દિવસે, બિહાર, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઝારખંડ સહિત અનેક રાજ્યોમાં શ્રદ્ધાળુઓ અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય આપવા માટે ઘાટ પર એકઠા થયા હતા.વિવિધ શહેરોમાં છઠ ઘાટ પર શ્રદ્ધાળુઓની મોટી ભીડ ઉમટી પડી હતી. ભક્તોએ નદીઓ, તળાવો અને જળાશયોમાં ઊભા રહીને સૂર્ય દેવ અને છઠી મૈયાની પૂજા કરી, તેમના પરિવારની સુખાકારી અને સમૃદ્ધિ, લાંબા આયુષ્ય અને તેમના બાળકો માટે સુખ માટે પ્રાર્થના કરી. તેલંગાણાના હૈદરાબાદમાં છઠ પૂજાના ત્રીજા દિવસે, ભક્તો નેકલેસ રોડ પર અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય આપવા માટે એકઠા થયા હતા. ગુજરાતના અમદાવાદમાં છઠ પૂજાના અવસરે, ભક્તોએ સાબરમતી રિવરફ્રન્ટના કિનારે અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય આપ્યો હતો. આ તસવીર લખનૌના ગોમતી કિનારેથી છઠ પૂજા નિમિત્તે ભક્તિ અને શ્રદ્ધાનો અદ્ભૂત નજારો દર્શાવી રહી છે. છઠનો અંતિમ દિવસ સોમવાર, 16 નવેમ્બરના રોજ ઉજવવામાં આવશે. આ દિવસે, ઉગતા સૂર્યને ઉષા અર્ઘ્ય અર્પણ કર્યા પછી ઉપવાસ તોડવામાં આવશે.

રાજસ્થાન રેલવે ટ્રેક વિસ્ફોટ કેસમાં પંજાબથી મહિલા સહિત બે પકડાયા

બંનેના પાકિસ્તાની હેન્ડલર સાથે સંપર્કો જણાયા : વિદેશી પિસ્તોલો, કારતૂસો અને નાણા પણ મળી આવ્યા



જયપુર, તા. 15 (PTI): 3 નવેમ્બરના રોજ રામસિંહપુરમાં રેલવે ટ્રેક પર થયેલા વિસ્ફોટ કેસના બે કથિત આરોપીઓની પંજાબના ગુરદાસપુરથી ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં તેમના પાકિસ્તાની હેન્ડલર્સ સાથેના સંબંધો હોવાના સંકેત મળ્યા હોવાનું પોલીસે રવિવારે જણાવ્યું હતું.

રાજસ્થાન એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ(ATS) અને શ્રીગંગાનગર પોલીસના સંયુક્ત ઓપરેશનમાં મહકદીપ કૌર અને દેવેન્દ્ર સિંહ તરીકે ઓળખાયેલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, કૌર કથિત રીતે 'શાહ' તરીકે ઓળખાતા પાકિસ્તાની હેન્ડલરના સંપર્કમાં હતી અને તેણે તેના સાથીદાર સાથે મળીને રામસિંહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેલવે ટ્રેક પર વિસ્ફોટ કરવાનું કાવતરું ઘડ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમની પાસેથી બે વિદેશી બનાવટની પિસ્તોલ, 46 જીવતા કારતૂસ અને વિસ્ફોટ કરવા માટે કથિત રીતે મળેલા 30,000 કબજે કરવામાં આવ્યા છે.

...અનુસંધાન પાના 2 પર

ઈરાનનો બહેરીનમાં અમેરિકી એરબેઝ પર હુમલો

છ ડ્રોન વડે હુમલો કર્યો, આ ડ્રોન્સ હવામાં જ નષ્ટ કરી દેવાયા હોવાનો બહેરીનનો દાવો, ફરી યુદ્ધ સળગવાનો ભય

ઇઝરાયેલે હમાસના ટોચના કમાન્ડરને ઠાર માર્યો, ચર્ચ પર ઘાતક હુમલા બદલ જોર્ડનમાં પ્રણને દેહાંતદંડ



તહેરાન, દુબઈ, તા. 15 : ઈરાને રવિવારે વહેલી સવારે બહેરીન સ્થિત અમેરિકી એરબેઝ પર છ ડ્રોન વડે હુમલો કર્યો હતો, જેના કારણે હુમલાઓમાં બે મહિનાની શાંતિ બાદ ફરીથી પૂર્ણ-કક્ષાનું યુદ્ધ ફાટી નીકળવાની ભીતિ ઊભી થઈ છે.

બહેરીને જણાવ્યું હતું કે તેણે અનેક હવાઈ હુમલાઓને અટકાવ્યા હતા અને ડ્રોન તેમના લક્ષ્યાંક સુધી પહોંચે તે પહેલાં જ તેમને નષ્ટ કરી દીધા હતા, જોકે અધિકારીઓએ તાત્કાલિક કોઈ નુકસાન કે જાનહાનિ અંગે કોઈ ખુલાસો કર્યો નથી. જો કે, આ નાનકડા ખાડી દેશને આવનારા હુમલાઓ પહેલાં જાહેર ચેતવણીઓ જારી કરવાની અને મિસાઇલ ચેતવણી સાયરન વગાડવાની ફરજ પડી હતી. બહેરીન એક મહત્વનું અમેરિકી લશ્કરી મથક ધરાવે છે, જે યુએસ ફિફ્થ ફ્લીટ અને યુએસ નેવલ ફોર્સિસ સેન્ટ્રલ કમાન્ડનું મુખ્ય

...અનુસંધાન પાના 2 પર

બંગાળની ખાડીનું ડિપ્રેશન 17મી સુધીમાં ભીષણ વાવાઝોડામાં ફેરવાશે

તમિલનાડુના ઉત્તરી જિલ્લાઓ ઉપરાંત, પશ્ચિમ ઘાટ અને દક્ષિણના જિલ્લાઓમાં મધ્યમ વરસાદ થવાની સંભાવના

ચેન્નાઈ, તા. 15 (PTI): દક્ષિણ-પૂર્વ અને તેને અડીને આવેલી દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી પર સર્જાયેલું ડિપ્રેશન 17 નવેમ્બર સુધીમાં ભીષણ ચક્રવાતી વાવાઝોડામાં પરિવર્તિત થવાની શક્યતા છે. એમ હવામાન વિભાગે રવિવારે જણાવ્યું હતું. તમિલનાડુના ઉત્તર દરિયાકાંઠાના જિલ્લાઓ, પુડુચેરી અને કરાઈકલ વિસ્તારમાં વરસાદ પડવાની સંભાવના છે.

દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી પર શનિવારે સર્જાયેલું સ્પષ્ટ લો પ્રેશર ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધીને ડિપ્રેશનમાં પરિવર્તિત થયું હતું અને આજે સવારે 5.30 વાગ્યે કેન્દ્રિત થયું હતું. તે ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધવાનું ચાલુ રાખીને 16 નવેમ્બરે દક્ષિણ અને તેને અડીને આવેલી પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીના મધ્ય ભાગો પર વધુ તીવ્ર બનીને ચક્રવાતી વાવાઝોડાનું રૂપ લઈ શકે છે અને 17 નવેમ્બરે ભીષણ ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ જવાની પૂરી શક્યતા છે.

ઉત્તર તમિલનાડુના જિલ્લાઓ ઉપરાંત, સોમવારથી રાજ્યના પશ્ચિમ ઘાટ અને દક્ષિણના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

બુલેટિન મુજબ, રવિવારે સવારે 8.30 વાગ્યે પૂરા થયેલા છેલ્લા 24 કલાક દરમિયાન ચેંગલપટ્ટુ, ચેન્નાઈ, કાંચીપુરમ અને કન્યાકુમારી સહિતના અનેક જિલ્લાઓમાં વરસાદ નોંધાયો હતો.

બાંગ્લાદેશમાં ગારમેન્ટ ક્ષેત્રમાં પગાર વધારાની માંગ સાથે ફરી વિરોધ પ્રદર્શનો

વેજ બોર્ડની બેઠક પહેલા 13 ફેક્ટરીઓ અનિશ્ચિત કાળ માટે બંધ અન્ય પાંચમાં એક દિવસની રજા

વિવિધ સ્થળોએ વિરોધ માટે ભેગા થયેલા કામદારોને વિખેરવા પોલીસ દ્વારા ટિયરગેસનો ઉપયોગ



ઢાકા, તા. 15, : રવિવારે બાંગ્લાદેશના ગારમેન્ટ ઉદ્યોગમાં ફરીથી શ્રમિક વિરોધ પ્રદર્શનો શરૂ થયાં હતાં. સુધારેલા પગાર માળખાની ભલામણ કરવા અંગે ચર્ચા-વિચારણા ચાલુ રાખવા માટે વેજ બોર્ડની બેઠક મળવાની છે, તેના એક દિવસ પહેલા 13 ફેક્ટરીઓ અનિશ્ચિત સમય માટે બંધ કરી દેવામાં આવી હતી અને

...અનુસંધાન પાના 2 પર

તા.૧૫-૧૧-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૪.૨° સે.	૧૮.૦° સે.	૩૮%

યુએઈમાં માર્ગ અકસ્માતમાં ચાર ભારતીયો સહિત 14નાં મોત

23 વાહનો એકબીજાં સાથે અથડાયાં, 30 લોકો ઘાયલ

દુબઈ, તા. 15 (PTI). સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ના ફુજૈરાહમાં થયેલા એક ગોઝારા માર્ગ અકસ્માતમાં ચાર ભારતીયો સહિત 14 લોકોનાં મોત થયાં છે, મૃતકોમાં કેરળના એક પરિવારના ત્રણ સભ્યો અને ગુજરાતના એક 13 વર્ષીય કિશોરનો સમાવેશ થાય છે.

ગુરુવારે વહેલી સવારે થયેલા આ અકસ્માતમાં ટ્રક સહિત કુલ 23 વાહનો એકબીજા સાથે અથડાયા હતા અને આ ઘટનામાં 30 લોકો ઘાયલ થયા હતા.

યુએઈના ગૃહ મંત્રાલયે શનિવારે 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "મૃતકોની ઓળખ ચકાસવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જાણવા મળ્યું છે કે, મૃતકોમાં 10 અમીરાતી નાગરિકો અને ચાર ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે."

મંત્રાલયે વધુમાં ઉમેર્યું હતું કે, "ઘાયલોમાં આઠ અમીરાતી નાગરિકો, બે જોર્ડનિયન નાગરિકો, સાત ભારતીય નાગરિકો, બે પાકિસ્તાની નાગરિકો, ત્રણ

...અનુસંધાન પાના 2 પર

પ્રદૂષણહીન ઉડ્ડયન: ચીને પ્રથમ ઈલેકટ્રિક વિમાન સફળ રીતે ઉડાડ્યું

વિમાન 16 મિનિટ જેટલો સમય હવામાં રહ્યું, 60 કિમી જેટલું અંતર કાપ્યું



બૈજિંગ, તા. 15 : ચીનમાં ગ્રીન એવિએશન ક્ષેત્રે એક મોટું ડગલું ભરવામાં આવ્યું છે, જ્યારે કોમર્શિયલ એરક્રાફ્ટ કોર્પોરેશન ઓફ ચાઇના(COMAC)એ જાહેરાત કરી છે કે તેના સ્વદેશી રીતે વિકસિત CE-25A ઈલેક્ટ્રિક વિમાને પૂર્વીય પ્રાંત શાનડોંગના બિનઝોઉમાં તેની પ્રથમ પાયલોટ સંચાલિત પરીક્ષણ ઉડાન સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

રાજ્ય પ્રસારણકર્તા CCTV એ શનિવારે અહેવાલ આપ્યો હતો કે આ પરીક્ષણ ઉડાનમાં બે પાયલોટ અને એક ફ્લાઇટ ટેસ્ટ એન્જિનિયરે ભાગ લીધો હતો. કંપનીના જણાવ્યા અનુસાર, સમગ્ર પરીક્ષણ સત્ર લગભગ એક કલાક (57 મિનિટ અને 46 સેકન્ડ) સુધી ચાલ્યું હતું, જેમાં વિમાને 16 મિનિટથી થોડો

...અનુસંધાન પાના 2 પર